અપીલ અરજી નં.૫૩,૫૪,૫૫ તા.૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

# ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫/૨૮–૪–૦૯ ની અરજીથી સલાબતપુરા નાની બેગમવાડી ખાતે વોર્ડ નં.૪/૨૪૬૩ થી ૨૪૭૬ અને ૨૪૯૯ થી ૨૫૦૭ તથા ૨૫૦૯ પૈકી પ્લોટ નં.૪ બી ટેના નં.૪બી–૨૫–૦૦૩૩–૦–૦૦૧ પ્લોટ નં.૪ –સી ટેના નં.૪બી–૨૫–૦૦૩૫–૦–૦૦૧ તથા વોર્ડ નં.૪ ૨૫૦૯–અ,૧–૨ , ટેના નં.૪બી– –૦૫૪૧–૦–૦૦૧ વાળી મિલકત મ્યુ. દફતરે નોંધાયેલ છે જેની આપના વિભાગે વિકાસની કોઈ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપેલ હોય તો મંજુર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ ન આપેલ હોય તો વિના મંજુરીએ બાંધકામ કરનાર મિલ્કતધારકો વિરુધ્ધ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે અપીલ નં.૫૩, તા.૨૫/૨૮–૪–૦૯ ની અરજીથી સદર મિલ્કતની આકારણી કયા વર્ષમાં કરવામાં આવી? તેના દસ વર્ષના વેરાના બીલો વિગેરે માહિતી અપીલ નં.૫૪ તથા તા.૨૭/૨૮–૪–૦૯ ની અરજીથી સદર વિસ્તારમાં આંતરિક રસ્તાઓ ઉપર થયેલા ગેરકાયદેસર બાંધકામ બાબતે અરજી કરવામાં આવી હતી તો આ અરજી કર્યા બાદ આપના વિભાગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો કરેલ હોય તો તેના નકલ સહિતની વિગત અને જો કાર્યવાહી નકરવામાં આવી હોય તો કયા કારણસર કરવામાં આવી નથી વિગેરે વિગતોની માહિતી અંગે અપીલ નં.૫૫ કરવામાં આવેલ.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૫૩,૫૪,૫૫/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૫/૨૮–૪–૦૯ ની અરજીથી સલાબતપુરા નાની બેગમવાડી ખાતે વોર્ડ નં.૪/૨૪૬૩ થી ૨૪૭૬ અને ૨૪૯૯ થી ૨૫૦૭ તથા ૨૫૦૯ પૈકી પ્લોટ નં.૪ બી ટેના નં.૪બી–૨૫–૦૦૩૩–૦–૦૦૧ પ્લોટ નં.૪ –સી ટેના નં.૪બી–૨૫–૦૦૩૫–૦–૦૦૧ તથા વોર્ડ નં.૪ ૨૫૦૯–અ,૧–૨ , ટેના નં.૪બી– –૦૫૪૧–૦–૦૦૧ વાળી મિલકત મ્યુ. દફતરે નોંધાયેલ છે જેની આપના વિભાગે વિકાસની કોઈ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપેલ હોય તો મંજુર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ ન આપેલ હોય તો વિના મંજુરીએ બાંધકામ કરનાર મિલ્કતધારકો વિરુધ્ધ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે અપીલ નં.૫૩, તા.૨૫/૨૮–૪–૦૯ ની અરજીથી સદર મિલ્કતની આકારણી કયા વર્ષમાં કરવામાં આવી? તેના દસ વર્ષના વેરાના બીલો વિગેરે માહિતી અપીલ નં.૫૪ તથા તા.૨૭/૨૮–૪–૦૯ ની અરજીથી સદર વિસ્તારમાં આંતરિક રસ્તાઓ ઉપર થયેલા ગેરકાયદેસર બાંધકામ બાબતે અરજી કરવામાં આવી હતી તો આ અરજી કર્યા બાદ આપના વિભાગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો કરેલ હોય તો તેના નકલ સહિતની વિગત અને જો કાર્યવાહી નકરવામાં આવી હોય તો કયા કારણસર કરવામાં આવી નથી વિગેરે વિગતોની માહિતી અંગે અપીલ નં.૫૫ કરવામાં આવેલ વિગતવાર માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાથી એપેલેટ ઓફિસરને તા.૨–૬–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અપીલ નં .૫૩,૫૪,૫૫ ના એક જ અરજદાર તેમજ અને એક જ જાહેર માહિતી અધિકારીને સ્પર્શતી હોય તેમજ વિષય વસ્તુ પણ એક સરખી હોય ત્રણેય અપીલોનું જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા માટે અપીલ નં.૫૩,૫૪,૫૫ અંગે અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૨,તા.૮–૬–૦૯ તથા ૨૫૨,૨૫૫ તા.૯–૬–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અનુક્રમે સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૨૮ તા.૧૯–૬–૦૯ નોંધ વિભાગ તેમજ અરજદારને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૫ તા.૨૮–૫–૦૯ ના પત્રથી આપેલ માહિતીની નકલ , એઆરડી/ સી.ઝેડ/ આરટીઆઈ/૧૩ તા.૧૯–૬–૦૯ નોંધ વિભાગ તેમજ અરજદારને પાઠવેલ પત્ર નં.એઆરડી/૧૧૯ તા.૧–૬–૦૯ના પત્રથી આપેલ માહિતીની નકલ,તથા સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૨૭ તા.૧૯–૬–૦૯ થી અરજદારે મ્યુ. કમિશ્નરને તા.૫–૨–૦૯ ના રોજ કરેલ અરજી તથા અરજદારને સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૭ તા.૨૮–૫–૦૯ થી પાઠવેલ માહિતી પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મોકલવામાં આવેલ છે.

અરજદારની તા.૨૫–૪–૦૯ ની અરજીથી માંગેલ માહિતી સલાબતપુરા નાની બેગમવાડી ખાતે વોર્ડ નં.૪/૨૪૬૩ થી ૨૪૭૬ અને ૨૪૯૯ થી ૨૫૦૭ તથા ૨૫૦૯ પૈકી પ્લોટ નં.૪ બી ટેના નં.૪બી–૨૫–૦૦૩૩–૦–૦૦૧ પ્લોટ નં.૪ –સી ટેના નં.૪બી–૨૫–૦૦૩૫–૦–૦૦૧ તથા વોર્ડ નં.૪ ૨૫૦૯–અ,૧–૨ , ટેના નં.૪બી– –૦૫૪૧–૦–૦૦૧ વાળી મિલકત મ્યુ. દફતરે નોંધાયેલ છે જેની આપના વિભાગે વિકાસની કોઈ પરવાનગી આપેલ છે કે કેમ? જો આપેલ હોય તો મંજુર પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની નકલ ન આપેલ હોય તો વિના મંજુરીએ બાંધકામ કરનાર મિલ્કતધારકો વિરુધ્ધ કરેલ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવા બાબતે માહિતી નહીં મળવાના કારણે અરજદારે કરેલ અપીલ નં.૫૩ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ પરથી જણાય આવેલ નથી. સદર મિલ્કતના મિલ્કતદારે સામાન્ય પ્રકારનું રીપેરીંગ કામ કરેલ હોય બાંધકામ બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાયેલ નથી. તેવી માહિતી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૫ તા.૨૮–૫–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે. આમ આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે ) હેઠળની અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર ઉપલબ્ધ દફતરી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે.

અરજદારની તા.૨૫–૪–૦૯ ની સદર મિલ્કતની આકારણી બાબતે મિલ્કત કયારે તૈયાર કરવામાં આવી તથા તેની આકારણી કયા વર્ષમાં કરવામાં આવી તથા ઉપરોકત છેલ્લા દસ વર્ષના વેરાના બીલોની પ્રમાણિત નકલોની માંગણી કરવામાં આવેલ જેની માહિતી નહીં મળવાના કારણે અરજદારે કરેલ અપીલ નં.૫૪ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪/૨૪૬૩ થી ૨૪૭૬ , ૨૪૯૯ થી ૨૫૦૭ અને ૨૫૦૯ પૈકી પ્લોટ નં.૪ બી થી નોંધાયેલ મિલ્કત ટેના નં.૪બી–૨૫–૦૩૩–૦–૦૦૧ , ૪સી થી નોંધાયેલ મિલ્કત ટેના નં.૪બી–૨૫–૦૦૩૫ મિલ્કત અંદાજે ૬૦ વર્ષ પહેલાં ૪બી–૨૫–૦૦૩૧–૦–૦૦૧ થી નોંધાયેલ હતી. જેમાં માલિક બદલાતાં એફડીટી નં.૬૩ તા.૨૯–૫–૦૭ થી બે અલગ અલગ કબ્જો ભોગવટો જણાતા ૪બી–૨૫–૦૦૩૩ તથા ૦૩૫–૦–૦૦૧ થી અલગ અલગ નોંધ કરવામાં આવેલ છે. સદરહુ મિલ્કતમાં નામફેર અને ભાગલા તથા સને ૨૦૦૭ માં ૧–૩–૦૭ ની અસરથી આકારણી દફતરે સુધારો કરવામાં આવેલ છે. વોર્ડ નં.૪ નોંધ નં.૨૫૦૯–અ/૧/૨ થી નોંધાયેલ મિલ્કત ૪બી–૨૫–૦૫૪૧–૦–૦૦૧ આકારણી દફતરે દાખલ છે. સદર મિલ્કત અંદાજે ૭૦ વર્ષ પહેલાની આકારણી દફતરે દાખલ હોવાની જણાય છે. જેમાં પ્રથમ માળનું વધારાનું બાંધકામ તા.૧–૩–૦૭ થી આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. એફડીટી નં.૧૮ તા.૨૩–૪–૦૭ થી આકારણીમાં સુધારો થયેલ છે. સદરહુ મિલ્કતોના દસ વર્ષના વેરાબીલની પ્રમાણિત નકલો બાબતે વેરાબીલની બીજી પ્રત છાપવામાં આવતી નથી જેથી પ્રમાણિત નકલ આપી શકાય તેમ નથી. સદરહુ મિલ્કતની છેલ્લા પાંચ વર્ષની માહિતી આપવામાં આવેલ છે આ સિવાયના વર્ષોની માહિતીની જરૂર હોય તો ડીમાન્ડ રજીસ્ટરનું

ઈન્સ્પેકશન આપવામાં આવશે તેવી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નં.એઆરડી/૧૧૯ તા.૧–૬–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. આમ પ્રસ્તુત કિસ્સામાં પણ દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ જણાય છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે માંગેલ માહિતી અને નકલો પ્રથમદર્શી રીતે કાયદાની કલમ–૧૧ હેઠળ ત્રાહિતને સ્પર્શતી પણ જણાય છે. તથા કલમ–૮(૧) (જે) હેઠળ વ્યકિતગત કક્ષાની પણ ગણાઈ શકે. જે અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ત્રાહિતને લગતી કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી.

અરજદારની તા.૨૭–૪–૦૯ ની અરજીથી તા.૫–૨–૦૯ ના રોજ મો.હનીફ નસીર મોહમદ મોહંમદ જરીવાલાએ મ્યુ. કમિશ્નરશ્રીને સંબોધીને કરેલ અરજી બાબતે વોર્ડ નં.૪ સદર મિલ્કતવાળા સલાબતપુરા નાની બેગમવાડી વિસ્તામાં આંતરીક રસ્તાઓ પર થયેલ ગેરકાયદેસર બાંધકામ બાબતે આપના વિભાગે કોઈ કાર્યવાહી કરેલ છે કે નહી જો કરેલ હોય તો તેની નકલ સહિતની વિગત આપશો અને જો કાર્યવાહી કરવામાં આવી નહોય તો કયા કારણોસર કાર્યવાહી કરવામાં આવી નથી તેની વિગતવાર માહિતી માંગવામાં આવેલ જેની માહિતી નહીં મળવાના કારણે અપીલ નં.૫૫ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૪ નોંધ નં.૨૪૬૩ થી ૨૪૭૬,૨૪૯૯ થી ૨૫૦૧ તથા ૨૫૦૯ વાળી મિલ્કત બાબતે અરજદારશ્રી મોહમદ હનીફ જરીવાલાની તા.૫–૨–૦૯ ની અરજી અન્વયે પ્રશ્નવાળી મિલ્કતના આંતરિક રસ્તા ખાનગી છે અથવા રસ્તા પૈકીની રાસુકી જગ્યાના હોવા અંગેનો અભિપ્રાય સીટી સર્વે સુપિ. શ્રી પાસેથી માંગવામાં આવેલ છે તેવી માહિતી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૧૭ તા.૨૮–૫–૦૯ થી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજૂ કરેલ છે તેમજ પૂરક માહિતીમાં નોંધ વિભાગ ધ્વારા સીટી સર્વે સુપ્રિ. પાસેથી માંગેલ અભિપ્રાય મેળવવા બાબતની નકલ રૂ.૪/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા તૈયારી દર્શાવતા રીપોર્ટની નકલ મોકલેલ છે. પરંતુ તે અંગે અરજદારને સૂચિત કરાયેલ જણાતું નથી. પ્રસ્તુત કિસ્સામાં પણ ત્રાહિતની અરજી અંગેની માહિતી માંગવામાં આવેલ છે. પરંતુ અરજીનું વિષય વસ્તુ અને જાહેર સત્તા મંડળની ફરજ અને કાર્યો ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારીએ તે અંગે હાથ ધરેલ કાર્યવાહીના તબકકાની જાણ અરજદારને કરેલ જણાય છે. જે આરટીઆઈ કાયદાથી ચરિતાર્થ થયેલ પારદર્શીતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના અભિગમને સુસંગત ગણી શકાય.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની અપીલ નં.૫૩ અને ૫૪ માં સમાવિષ્ટ મૂળ અરજીને સુસંગત દફતરી માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ છે. તથા નં.૫૪ અંગે દફતરી તપાસણીની તૈયારી પણ દર્શાવેલ છે. જયારે અપીલ નં.૫૫ અંગે કાર્યવાહીની વિગત જણાવેલ છે. જે બાબતે અપીલ નં.૫૪ અંગે જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની ત્રાહિતની પ્રક્રિયા અનુસર્યા બાદ અરજદાર ઈચ્છુક હોય તો કાયદાની અને નિયમની જોગવાઈઓ અનુસાર દિન–૧૫ માં તપાસણી આપવા તથા નં.૫૫ અંગે અરજદારને કલમ–૭(૩) નિયમ–૩ તથા ૫ હેઠળનો પત્ર પાઠવી નિયત ફી ભરપાઈ કરાવી દિન–૭ માં નકલો પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રીરમેશ કે. જાંગીડ